

યાદ આવે છે.

Dr. G.N.PATEL, Ph.D.
President
JP LABORATORIES, INC.
120 WOOD AVENUE
MIDDIESEX, NJ 08846
(732) 469-6670
(732) 469-6680 FAX
gnpatel@jplabs.com

એ મહાન માબાપની કે જેમણે મને મોટો કર્યો
એ સગાસંબંધીઓની કે જેમનો મને સાથ હતો
એ મિત્રોની કે જેમની સાથે હું રમતો રમતો હતો
એ મણુંદ ગામની કે જેમાં હું ગધાપચી કરતો હતો
એ નાનકડા ઝૂંપડાની કે જેમાં હું વર્ષો સુધી રહ્યો હતો

એ તળાવની કે જેમાં હું ભુસકા મારતો હતો
એ મંદિર મહાદેવની કે જ્યાં હું શ્રધ્ધાથી નમતો હતો
એ ખેતરની કે જેમાં હું માબાપની સાથે ખેતી કરતો હતો
એ ચોખ્ખા આકાશની કે જેમાં હું ચાંદ તારા ગણતો હતો
એ નિશાળની કે જ્યાં મારા ભણતરનો પાયો મંડાણો હતો

એ તહેવારોની કે જેમાં મિઠાઇઓની મજા માણતો હતો
એ સાદા ખોરાકની કે જે ખાઇને હું તંદુરસ્ત રહેતો હતો
એ ઉનાળાના તાપની કે જેમાં હું ઉઘાડા પગે ભમતો હતો
એ શિયાની કડકડતી ઠંડીની કે જેનાથી હું ધ્રુજતો હતો
એ પશુ પંખીઓની કે જેનો અવાજ મને સવારે જગાડતો હતો

આવી યાદોનો તો છે મોટો ભંડાર જે ક્યારેક ક્યારેક જાય છે ખુલી
ત્યારે સામે આવે છે ભુલેલો ભુતકાળ ને થાય છે મારી આંખો જરા ભિની
થયો છું દુર્બુધ્ધ તેથી જાઉં છું થોડુંક ભુલી પણ નથી ભુલ્યો મારા મણુંદને
હે મણુંદ તારી ગૌરવગાથા વધારવા માટે તારો આ ગગો ગયો છે પરદેશ
પણ તારા આ ગામમાંથી નથી ગયું કે નથી જવાનું આ મહાન મણુંદ ગામ

● ડા. ગોરધનીનાથજી
(મણુંદવાળા)
સોમરસેટ, ન્યુજર્સી
(યુ.એસ.એ.)

